# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં), જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, અમદાવાદ-૧.**


**ટ્રસ્ટી મંડળ**

**જ્ઞાતિ**

**શ્રી નવનીતભાઈ ગો. ચોકસી**
**શ્રી ચંદ્રકાંતભાઈ પુ. મહેતા**
**શ્રી દિપકભાઈ દ. શેઠ**
**શ્રી ઉપેન્દ્રભાઈ બં. ચોકસી**
**શ્રી શૈલેષભાઈ દ. ગાંધી**
**ઓફીસ :** ૧૯૮૭, ફાફડાની પોળ, સારંગપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૨૧૪૬૧૧૩, ૨૨૧૪૭૫૩૯
**રહેઠાણ :** ૪, સહજાનંદ બંગલોઝ, કર્ણાવતી ક્લબની સામે, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૩૫૧૪

**યુવક મંડળ**

**શ્રી રજનીકાંતભાઈ ક. ચોકસી**
**શ્રી સુહાષભાઈ વા. મહેતા**
**શ્રી શૈલેષભાઈ દ. ગાંધી**
**શ્રી અરૂણભાઈ ક. ઝવેરી**
**શ્રી ઉપેન્દ્રભાઈ બં. ચોકસી**
એ/૧૫, ત્રીજે માળ, અક્ષય એપાર્ટમેન્ટ, જુની એ.ડી.સી. બેંક સામે, પંચાયત ઓફીસ પાસે, વસ્ત્રાપુર ગામ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મોબાઈલ : ૯૮૨૫૪ ૩૮૧૭૪


## નૂતન વર્ષ મિલન સમારંભ-૨૦૧૨

તા. ૧-૧૧-૨૦૧૨

વ્હાલા જ્ઞાતિ ભાઈ-બહેનો,

નૂતનવર્ષ સંવત ૨૦૬૯ આપસૌને મંગળકારી, સુખમય, શાંતિમય, આરોગ્યકારી, સમૃધ્ધિમય તેમજ દરેક ક્ષેત્રે ઉન્નતિકારક નિવડે તેવી અભ્યર્થના સાથે એક બીજાને અભિનંદન પાઠવવા આ સમારંભમાં સમગ્ર જ્ઞાતિના અબાલ, યુવાન તથા વૃધ્ધ ભાઈ બહેનોને મોટી સંખ્યામાં પધારી અરસપરસ શુભેચ્છા પાઠવવા હાર્દિક આમંત્રણ પાઠવતા અમો ગૌરવ સાથે હર્ષ અનુભવીએ છીએ.

આપણી જ્ઞાતિનો નૂતનવર્ષ મિલન સમારંભ નીચે જણાવ્યા અનુસાર **જ્ઞાતિના પ્રમુખશ્રી રોહિતભાઈ કાંતિલાલ શાહના પ્રમુખ સ્થાને** રાખવામાં આવેલ છે તેમજ તેમના વરદ હસ્તે જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપના ચેકોનું વિતરણ પણ કરવામાં આવનાર છે તથા ૭૦ કે તેથી વધુ વર્ષની ઉંમરના જ્ઞાતિજનોને શાલ અર્પણ કરવામાં આવનાર છે તેમજ લગ્ન જીવનના ૫૦ વર્ષ પુર્ણ કરેલ હોય તેવા જ્ઞાતિ દંપત્તિનું સન્માન શ્રી રજનીકાંતભાઈ કે. ચોકસી પરીવાર તરફથી કરવામાં આવશે તેમજ વિશીષ્ટ સિધ્ધી મેળવેલ હોય તે વિદ્યાર્થીઓ તથા જ્ઞાતિજનોને ટ્રોફી અર્પણ કરવામાં આવશે. આ અવસરે આપસૌને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા નમ્ર વિનંતી.

- **સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ડોનેશન આપવા બદલ સર્વ દાતાશ્રીઓનો આભાર.**
- **જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ધોરણવાર વિવિધ સ્કોલરશીપ અંગે અનુદાન આપનાર સર્વે દાતાશ્રીઓનો આભાર.**
- **વડીલોનાં બહુમાન અંગે અર્પણ કરવામાં આવનાર શાલનાં સ્પોન્સર જ્ઞાતિ યુવક મંડળનાં પ્રમુખશ્રી રાજુલભાઈ રજનીકાંતભાઈ ચોકસીનો આભાર.**
- **વિશિષ્ટ સિધ્ધિ કે સન્માનનીય પ્રવૃત્તિ કરેલ હોય તેમની ટ્રોફીનાં સ્પોન્સર સ્વ. ઈન્દ્રવદન ગીરધરલાલ ચોકસીના પરીવારનો આભાર.**
- **લગ્ન જીવનને ૫૦ વર્ષ પુરા થયા હોય તેવા દંપતિના સન્માનના સ્પોન્સર શ્રી રજનીકાંતભાઈ કનૈયાલાલ ચોકસી પરીવારનો આભાર.**

**: મિલન સમારંભ :**
તા. ૬-૧૨-૨૦૧૨, ગુરૂવાર, કારતક વદ-૭
**સમય :** સાંજે ૭-૦૦ થી ૯-૦૦

**: શુભસ્થળ :**
**ઝુલેલાલ હોલ, કાંકરીયા, અમદાવાદ.**

**: પાસ મેળવવાની તારીખ-સમય : તા. ૧૯-૧૧-૨૦૧૨, સોમવાર તેમજ તા. ૨૦-૧૧-૧૨, મંગળવાર - સાંજે ૭ થી ૮ સુધી જ**

**પાસ મેળવવાના સ્થળ : (૧) જ્ઞાતિ કાર્યાલય તેમજ (૨) નિશીથભાઈ ચોકસી : UL-૧૮, સમુદ્ર કોમ્પલેક્ષ, ઓફ સી.જી.રોડ, નવરંગપુરા.**

**કોલેજની ફી ના ફોર્મ પાસ લેવા આવો ત્યારે રૂબરૂ મેળવી લેવાના રહેશે. જે તા.૩૧મી ડીસેમ્બર સુધીમાં ભરી જ્ઞાતિ કાર્યાલયમાં રૂબરૂ આપી જવાના રહેશે.**

**આપના દર્શનાભિલાષી,**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭૯-૨૨૧૪૬૬૪૮ | રોહિતભાઈ કે. શાહ | - પ્રમુખ - | રાજુલભાઈ આર. ચોકસી | ૯૮૨૫૦૦૮૬૮૧ |
| ૯૪૨૭૬૦૭૯૭૬ | અરવિંદભાઈ એમ. ચોકસી | - ઉપપ્રમુખ - | અલ્કેશભાઈ આઈ. ચોકસી | ૯૮૨૫૩૬૬૬૩૧ |
| ૯૮૭૯૪૯૮૭૫૬ | નિશીથભાઈ બી. ચોકસી | - માનદ્ મંત્રી - | આસીતભાઈ એન. શાહ | ૯૮૯૮૧૨૦૦૧૫ |
| | શ્રી દ.મો.ગો.જ્ઞાતિ, અ'વાદ | | શ્રી દ.મો.ગો.જ્ઞા.યુ.મંડળ, અ'વાદ | |

## : વિશેષ માહિતી :

૧. મિલન સમારંભમાં પરજ્ઞાતિમાં પરણાવેલ બહેન-દિકરી તેમના પતિ અને ફક્ત તેમનાં જ અપરિણીત સંતાનો (ભાણેજ-ભાણી) ભાગ લઈ શકશે અર્થાત ભાણેજ કે તેની પત્ની, ભાણી કે તેમના પતિ તેમજ તેમના સંતાનો ભાગ લઈ શકશે નહીં જેની નોંધ લેવા વિનંતી.
૨. ૩ વર્ષ કે તેથી ઉપરની ઉંમરની દરેક વ્યક્તિ દીઠ રૂા. ૩૦/- (ત્રીસ) ટોકન ચાર્જ તરીકે લેવાના રહેશે. મુકરર કરેલ તારીખ બાદ રૂા.૫૦/- (પચાસ) આપવાના રહેશે.
૩. મિલન સમારંભમાં ભાગ લેનારે નીચે જણાવેલ ફોર્મમાં પુરેપુરી વિગતો લખીને ફોર્મ રજુ કરી તે મુજબના પાસ-ટોકન મેળવી લેવાના રહેશે.
૪. ફક્ત વ્યવસ્થાની દ્રષ્ટિએ સ્થળ પર પાસીસ ઉઘરાવવામાં આવશે માટે પાસ સાથે રાખવા.
૫. જ્ઞાતિ પરિપત્રો સમયસર મળે તે રીતે મોકલી આપવામાં આવે છે આમ છતાં ઘણા પ્રસંગોમાં ટપાલ નિયમીત કે સમયસર ન મળવાના કારણે જ્ઞાતિજનો પ્રસંગોથી વંચિત રહે છે, માટે જ્ઞાતિજનોને અરસપરસ એકબીજાના સગાવ્હાલાને કાર્યક્રમો/પ્રસંગોની જાણ કરી સાથ સહકાર આપવા વિનંતી.
૬. જ્ઞાતિના યુવાન ભાઈબહેનોને પ્રવાસ, મિલન સમારંભ કે ઉજાણી જેવા પ્રસંગોમાં વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવા વિનંતી.

## મિલન સમારંભ અંગેનું ફોર્મ

**ફોર્મ નં.:**

**(આ ફોર્મમાં ફક્ત એક જ કુટુંબના (લ્હાણાદારના) સભ્યોના નામ લખવા)**

તા. : ૧૯/૨૦-૧૧-૨૦૧૨

**મારા કુટુંબની નીચે જણાવેલ વ્યક્તિઓ મિલન સમારંભમાં ભાગ લેનાર છે તો તે મુજબના પાસ આપશો.**

| અ.નં. | નામ : ____ ફોન નં.: ____<br>ઈ-મેઈલ : મોબાઈલ : | ઉંમર | કુટુંબના વડા સાથેનો સંબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |
| ૭ | | | |
| ૮ | | | |
| ૯ | | | |
| ૧૦ | | | |

**કુલ્લે ભાગ લેનાર સભ્યો ............ x ૩૦ = રૂપિયા (અંકે રૂા. )**

**આ પ્રસંગે જ્ઞાતિના જે ભાઈ-બહેનો તા. ૬-૧૨-૨૦૧૨ના રોજ ૭૦ વર્ષ પુરા કરી ચુકેલ હોય તેવા સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનોને શાલ અર્પણ કરી સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને લગ્ન જીવનને ૫૦ વર્ષ પુરા થયા હોય તેવા દંપતિએ જે અંગે નીચે જણાવેલ ફોર્મ અનુસારની વિગતો ભરી પાસ મેળવતાં સમયે રજુ કરવાનું રહેશે.**

**જે જ્ઞાતિ ભાઈ-બહેનોના કુટુંબના સભ્યોએ પોતાના આગવા ક્ષેત્રમાં ચાલુ વર્ષે લલીતકલા, સંગીત, ખાસ કોઈ હોબી, કેળવણી, રમત-ગમત કે અન્ય ઈત્તર પ્રવૃત્તિઓ કે જે વિશીષ્ટ કે સન્માનનીય હોય તેવી સિધ્ધિ મેળવેલ હોય કે ઉચ્ચ હોદ્દો મેળવેલ હોય તે જ્ઞાતિ ભાઈ-બહેનોનું પણ ટ્રોફી અર્પણ કરી સન્માન કરવાનું નક્કી કરેલ છે. જે અંગે નીચે જણાવેલ ફોર્મ અનુસારની સંપુર્ણ માહિતી વિગતવાર ભરી પાસ મેળવતાં સમયે રજુ કરવાનું રહેશે.**

**❖ સ્પોન્સરશીપ (સૌજન્ય યોજના) :**

જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળના ઉપક્રમે યાત્રાપ્રવાસ, મિલન સમારંભ તથા ઉજાણી જેવા પ્રસંગો ઉજવાય છે. તેમાં સ્પોન્સરશીપ યોજનાને અનુમોદન આપીને સંસ્થાગત કાર્યક્રમોને વેગવંતા અને ઉત્સાહ ઉમંગ સભર ઉજવવા કટીબધ્ધ બનીએ તેવી હાર્દિક અપીલ છે.

**સર્વ જ્ઞાતિજનોને ડોનેશન આપવા નમ્ર વિનંતી છે.**

## ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના જ્ઞાતિજનના સન્માન અંગેનું ફોર્મ

**તા. ૧૯/૨૦-૧૧-૨૦૧૨**

**નામ -** 

**ઉંમર**

**(તા.૬-૧૨-૨૦૧૨ના રોજ પુરા થતાં ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમર, જન્મ તા. દાખલા સાથે જણાવવી)**

**સરનામું -**

**ફોન :** **મોબાઈલ :**

**૧.**

**૨.**

**નોંધ :** અગાઉ જે જ્ઞાતિજને આ સન્માનનો લાભ લીધેલ હોય, તેઓએ આ ફોર્મ ભરવાનું રહેશે નહીં.

## લગ્ન જીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોય તેવા દંપત્તિના સન્માન અંગેનું ફોર્મ

**નામ : પતિ :** ____________________

**(તા.૬-૧૨-૨૦૧૨ના રોજ ૫૦ વર્ષ પુરા થતાં હોય તેવા દંપતિ)**

**પત્નિ :** ____________________

**લગ્ન તારીખ :** ____________________ **સરનામું :** ____________________

____________________

**ફોન નં. :** ____________________ **મોબાઈલ :** ____________________

## વિશીષ્ટ સિધ્ધી મેળવેલ હોય તે અંગેનું ફોર્મ

તા. ૧૯/૨૦-૧૧-૨૦૧૨

નામ ____________________

સરનામું ____________________

____________________

ફોન ____________ મો.નં.: ____________ E-mail : ____________

વિશીષ્ટ સિધ્ધી મેળવેલ હોય તેની (દાખલા સાથેની) વિગત ____________________

____________________

____________________ સહી : ____________

BOOK POST
**PRINTED MATTER**

*-- Happy Diwali --*

**શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.**

લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં), જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, અમદાવાદ-૧.

## : જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળ દ્વારા વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓની ટુંકી માહિતી :

- **ઉજાણી :** આપણા ઈષ્ટદેવ શ્રી રામચંદ્ર ભગવાનના જન્મદિન નિમિત્તે દર વર્ષે ઉજાણી સંમારભનું આયોજન.
- **કેળવણી વિષયક :** બાળવર્ગથી અભ્યાસ કરતાં જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ બહેનોને ફી, પુસ્તકની રકમ, સ્ટેશનરી તથા સ્કોલરશીપનું વિતરણ.
- **ખાનગી રાહત યોજના :** આ યોજના અન્વયે સંલગ્ન કુટુંબો તરફથી મળતી અરજીઓ અનુસંધાને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે સહાય.
- **નૂતનવર્ષ મિલન સમારંભ :** પ્રત્યેક વર્ષે દિવાળી બાદ નુતન વર્ષ સમારંભનું આયોજન. તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ. સીનીયર સીટીઝનને શાલઅર્પણ, અને કેળવણી ઉપરાંત અન્ય વિષયો તથા ઈતર પ્રવૃત્તિઓ બદલ મેળવેલ વિશીષ્ટ સિધ્ધી પારિતોષિક ઉચ્ચ હોદો પર નિયુક્ત થયેલહોય કે સન્માનનીય પ્રવૃત્તિઓ કરેલ હોય તેઓનું ટ્રોફીથી બહુમાન તથા ૫૦ વર્ષ લગ્નને પૂર્ણ કરેલ દંપતિનું સન્માન.
- **યાત્રા પ્રવાસ :** દર વર્ષે મહાપ્રભુજીની બેઠકજીને આવરી લઈ વિવિધ યાત્રાધામોના પ્રવાસનું આયોજન આ અનુસંધાને ચાલુ વર્ષે દ્વારકા, બેટદ્વારકા, જામનગર, મોરબીનાં યાત્રા પ્રવાસનું આયોજન કરેલ. જેમાં ૬૦ જેટલા યાત્રિકો જોડાયેલ. ત્રણ બેઠકજીમાં રાજભોગ  તથા ગીરીરાજ ચરણ સ્પર્શ અને અન્ય યાત્રાધામોમાં દર્શનનો લાભ લીધેલ. આ પ્રવાસનો અંદાજીત ખર્ચ ૧,૦૫,૦૦૦ જેટલો થયેલ, જે પેટે યાત્રિકો પાસેથી ૮૧,૦૦૦ તથા જ્ઞાતિજનો તરફથી ખુટતી રકમનાં અનુદાન મળેલ છે. આમ આ વર્ષે પણ સમગ્ર યાત્રા પ્રવાસનાં આયોજન **થકી જ્ઞાતિ કે યુવક મંડળમાં કોઈ આર્થિક ભારણ રહેતું નથી.**

  ઉપર મુજબનાં વિવિધ આયોજનો તથા પ્રવૃત્તિઓમાં જ્ઞાતિજનો તરફથી મળેલ સક્રીય સહયોગ, સહકાર અને અનુદાન બદલ આપ સર્વે દાતાઓનો અમો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ અને આગામી આયોજનોમાં પણ આપ સર્વેનો પૂર્વવત સહકાર અને સહયોગ મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ.

- **આપણી જ્ઞાતિ ફેડરેશન મોઢ વણિક સમાજમાં સભ્ય થયેલ છે** અને તેની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી નિયમીત રીતે જ્ઞાતિજનોને મેગેઝીન દ્વારા મળે છે. આ મુજબ હાલમાં શરૂ થયેલ “સમસ્ત વૈશ્નવ વણીક પરીવાર” કે જેમાં અંદાજે ૮૦ જેટલા ઘટકો (જ્ઞાતી) સભ્ય થયેલ છે તેમાં આપણી જ્ઞાતિનો પણ સમાવેશ થાય તેમ પ્રાથમીક તબક્કે નક્કી કરેલ છે. જેથી જ્ઞાતિજનો તથા ખાસ કરીને યુવાન વર્ગને વિવિધ બાબતે પ્રોત્સાહન અને લાભ મળી શકે જેની વિગતવાર માહિતી આગામી સમયમાં આપવામાં આવશે.

  આ સંસ્થા દ્વારા યુવાન ભાઈ બહેનો માટે તા. ૨૫/૧૨/૧૨ના રોજ “નૂતન વર્ષ મિલન સમારંભ”નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં જોડાવવા ઈચ્છુક યુવાનોને રજીસ્ટ્રેશન કરાવવા શ્રી આસીતભાઈ શાહ (માનદ્‌મંત્રી) શ્રીનો સંપર્ક કરવા વિનંતી.

આ સંગઠન થકી વૈષ્ણવ વણિકની જ્ઞાતિઓનાં ઉમદા સમાજ સેવા તથા ઉત્થાનની પ્રવૃત્તિઓને વધુ વેગ મળે અને વૈષ્ણવ સ્વજનોનાં સદભાવ અને સહકાર થકી સર્વાંગી વિકાસ થાય તેવી દુરંદેશી વિચારધારાથી શરૂ કરેલ આ મહાયજ્ઞનાં સહભાગી બનીએ તેવી નવા વર્ષની મનોકામના સહ.

**આપના સ્નેહાધીન,**

**શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ**